# શામળાજી ગુરૂ દત્તાત્રેય ટેકરી મંદિરમાં તસ્કરો ત્રાટક્યા

## મહંત પર ઘાતકી હુમલો કરી રૂમમાં પુરી ૧.૫૫ લાખની લૂંટ લૂંટારૂઓનો ૭ કલાક સુધી તાંડવ

શામળાજી, તા. ૩૧

અરવલ્લી જીલ્લામાં લોકો સાથે હવે મંદિરો પણ સલામત ન રહેતા પોલીસતંત્રની કામગીરી સામે લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં આવેલા ગુરુદત્તાત્રેય ટેકરી મંદિરમાં ૫ બુકાનધારી શખ્સોએ ધાડ પાડી હતી મંદિરના મહંતને માથામાં જીવલેણ ઘા ઝીંકી રૂમમાં પુરી દઈ ૭ કલાક સુધી મંદિરને ફંફોસી મંદિરમાં રહેલા રોકડા રૂપિયા ૫૫ હજાર અને ભગવાનના દાગીના મળી ૧.૫૫ લાખના મુદ્દામાલની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. મંદિરમાં દર્શનાર્થે ભક્ત પહોંચતા રૂમમાં બંધ મહંતને છોડાવી સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા. મંદિરમાં લૂંટની ઘટનાના પગલે શામળાજી પંથકમાં આવેલા મંદિરના મહંતોએ એકઠા થઈ તમામ મંદિરોમાં પોલીસ રક્ષણ આપવામાં આવેની માંગ કરી હતી.

ગુરુવારે રાત્રીના ૯ વાગ્યાના સુમારે શામળાજીના મેશ્વો ડેમ રોડ પર આવેલા ગુરુદત્તાત્રેય ટેકરી મંદિરમાં ૫ બુકાનધારી શખ્સો ત્રાટકી મંદિર પરિસરમાં આંટાફેરા મારતા મહંત શિવરામપુરી વૈષ્ણવ સાધુને માથામાં ધોકાનો ફટકો મારતા ફસડાઈ પડેલ સંતને ઢસડી જઈ રૂમમાં પુરી જાનથી મારી નાખવાની ધમકી આપી એક શખ્સ સામે ચપ્પુ લઈ બેસી રહ્યો હતો અન્ય ચાર લૂંટારુએ ૭ કલાક સુધી મંદિરના વિવિધ રૂમો ફંફોસી રોકડા રૂપિયા ૫૫ હજાર અને ભગવાનના દાગીના મળી કુલ રૂ.૧૫૫૦૦૦ હજારથી વધુની લૂંટ ચલાવી લૂંટારુઓ સવારે ૪ વાગે ફરાર થઈ ગયા હતા. વહેલી સવારે દર્શનાર્થે પહોંચેલા ભક્તે રૂમમાં ઈજાગ્રસ્ત હાલતમાં પડેલા મહંતને સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તસ્કરો અને લૂંટારૂઓ હવે ધર્મ સ્થાન અને આશ્રમો પર ધાડ કે લૂંટ કરવામાં પણ લેશ માત્ર વિચારતા નથી એ ગંભીર બાબત છે.



ગુરુદત્તાત્રય ટેકરી મંદિરના મહંત શિવરામપુરી વૈષ્ણવ સાધુએ શામળાજી પોલીસને જાણ કરતા શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી લૂંટની ફરિયાદ નોંધી હતી. મંદિરના મહંત પર ઘાતકી હુમલો કરી લૂંટની ઘટનાના પગલે જિલ્લા એલસીબી પોલીસની ટીમ શામળાજી દોડી આવી હતી.

## ધનસુરા બી.આર.સી ખાતે ૨૩૭ દિવ્યાંગ બાળકોને સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

સર્વ શિક્ષા અભિયાન અરવલ્લી આઈ.ઈ.ડી. વિભાગ અંતર્ગત એલીમ્કો કાનપુર સંસ્થાના સહયોગથી ૬ થી ૧૮ વર્ષની વયના જરૂરિયાતમંદ બાળકો માટે સાધન સહાય કેમ્પ યોજાયો હતો. ધનસુરા બી.આર.સી. ભવન ખાતે યોજાયો હતો. જેમાં કુલ ૨૩૭ દિવ્યાંગ બાળકોને વ્હીલચેર, ટ્રાઈસિકલ,





શ્રવણયંત્રો જેવા સાધનો નિષ્ણાત તજજ્ઞો ની હાજરી માં આપવામાં આવ્યા હતા. જેમાં અમિત કવિ, કેતન પટેલ, બી.આર.સી. મનીષભાઈ પટેલ, જિલ્લા પ્રોજેક્ટ કો. એ.જે.પટેલના માર્ગદર્શન હેઠળ સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો હતો.

# અરવલ્લીમાં ટેકાના ભાવે વેચેલ મગફળીના નાણાં ન મળતા ખેડૂતોમાં રોષ

મોડાસા, તા. ૩૧

ધરતીનો તાત કહેવાતો ખેડૂત મોંઘા દાટ બિયારણો, દવાઓ લાવીને રાત દિવસની મહા મહેનત બાદ ખેત પેદાશો મેળવતા હોય છે. તેમાંય કુદરત સાથ ન આપે ત્યારે ખેડૂતોને ભારે મુશ્કેલીઓ પડતી હોય છે અને રોવાનો વારો આવતો હોય છે અને બાદમાં ખેત પેદાશોના યોગ્ય ભાવ ન મળે કે વેચ્યા બાદ સમયસર નાણાં ન મળે ત્યારે સહનશક્તિની હદ આવી જતી હોય છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ વેચેલ ટેકાના ભાવે મગફળીના નાણાં ન મળતાં ધરતીપુત્રોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને પુરવઠાની ઓફિસે પહોંચી અધિકારી સાથે કરેલા સંવાદનો વિડીયો પણ વાઈરલ થયો હતો.



અરવલ્લી જિલ્લામાં ખેડૂતોએ મહામહેનતે તૈયાર કરેલ મગફળીનો પાક ટેકાના ભાવે વેચ્યો હતો. મગફળીનો પાક લેતાં લેતાં ખેડૂતોના આંખે પાણી આવી ગયા હતા કારણ કે કુદરતી વિષમ પરિસ્થિતિઓએ ખેડૂતોને રોવડાવ્યા હતા. ત્યારે ટેકાના ભાવે વેચેલી મગફળીના સમયસર નાણાં ન મળતાં ભારે મુસીબત પેદા થઈ છે. કેટલાય ખેડૂતો બિયારણ દવાઓ માટે નાણાં વ્યાજે લાવીને પણ ખેત પેદાશો કરતા હોય છે. ત્યારે જરૂરિયાતના સમયે ટેકાના ભાવે વેચેલી મગફળીના નાણાં ન મળવાથી ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો હતો. ખેડૂતોએ છેવટે કંટાળીને પુરવઠા અધિકારીની કચેરીએ પહોંચ્યા હતા અને તાત્કાલીક નાણાં મળી જાય તેવી વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. સાથે ખેડૂતોએ ભારે ગુસ્સા સાથે સમયસર નાણાં નહીં મળે તો હજારો ખેડૂતો ભેગા થઈ આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારી હતી.

### જિલ્લા પુરવઠા ઓફિસમાંથી ખેડૂતોએ અધિકારી સાથેના સંવાદ વિડીયો કર્યો વાઇરલ

સમયસર ટેકાના ભાવે વેચેલી મગફળીના નાણાં ન મળતાં અરવલ્લી જિલ્લાના ખેડૂતો રોષે ભરાયા હતા અને જિલ્લા પુરવઠા ઓફિસમાં પહોંચી ગયા હતા. જ્યાં ખેડૂતો અને અધિકારી વચ્ચે થયેલ સંવાદનો વિડીયો પણ અરવલ્લીમાં વાઈરલ થયો હતો.

## ભિલોડાના જેશીંગપુર ઓડ ગામે ગુજરાત પોષણ અભિયાન

ભિલોડા, તા. ૩૧

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહી પોષણ દેશ રોશન' અભિયાનને ચરિનાર્થ કરવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ધ્વારા દાહોદ ખાતેથી ગુજરાત પોષણ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. જનભાગીદારી ધ્વારા બાળકોના પોષણ સ્તરમાં સુધારો આવે તે હેતુથી જિલ્લામાં પોષણલક્ષી કાર્યક્રમ આયોજીત થઈ રહ્યા છે. જેના ભાગરૂપે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના જેશીંગપુર તેમજ ઓડ ગામે જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભીની ઉપસ્થિતિમાં ગુજરાત પોષણ કાર્યક્રમ યોજાયો હતો.



**માલગઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી સેવાઓનો પ્રારંભ**

માલગઢ ખાતે તાજેતરમાં બનાવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ મુલાકાત લીધી હતી અને જે સાધન સામગ્રી પૂરતી નથી તે ધારાસભ્ય દ્વારા ટૂંક સમયમાં આવી જશે તેવી ખાતરી આપી હતી. તેઓ આરોગ્ય કેન્દ્રમાં ફાયર સેફટી અને સ્વચ્છતા દેખીને ખૂબ જ ખુશ થયા હતા. તેમની મુલાકાત દરમિયાન માલગઢ જિલ્લા પંચાયત સદસ્ય સવિતાબેન નરેશકુમાર ટાંક, સરપંચ શ્રવણકુમાર ગીગાજી પરમાર, ડેલિકેટ નરેશભાઈ સોલંકી, નરેશભાઈ ચમનલાલ ટાંક, કૈલાશભાઈ વકીલ તેમજ મેડિકલ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. માલગઢ ગ્રામજનોએ ગામમાં ધારાસભ્ય શશીકાંત પડ્યા દ્વારા સુવિધાઓ સાથે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાલું કરાતાં આભાર વ્યક્ત કર્યો હતો. કેન્દ્ર કાર્યરત થતા હવે ગ્રામજનોને ઘર આંગણે આરોગ્યની સવલતો મળી રહેશે.

### સાયરા કેસમાં CID ક્રાઈમની ટીમ FSL ટીમ સાથે

# વૈજ્ઞાનિક પુરાવા મેળવવા વધુ એકવાર ઘટનાસ્થળે પહોંચી રિકંસ્ટ્રક્શન કર્યું

મોડાસાના સાયરા (અમરાપુર)ની ૧૯ વર્ષીય યુવતીના શંકાસ્પદ મૃત્યુ મામલે સમગ્ર રાજ્યમાં ભારે પડઘા પડતા અને અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની ઢીલી નીતિનો આક્ષેપ થતા પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝાએ સમગ્ર કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપવામાં આવી હતી આ ઘટનાને ૨૬ દિવસ થવા આવ્યા છતાં યુવતીના મોતનું રહસ્ય અકબંધ રહ્યું છે ત્યારે સી.આઈ.ડી ક્રાઈમના ડીઆઈજી ગૌતમ પરમાર એફએસએલની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી યુવતીનો લટકતો મૃતદેહ મળી આવ્યો હતો તે સ્થળે ઝીણવટભરી તપાસ હાથધરી રિકન્ટ્રક્શન કરી અમરાપુર રહેતા પરિવારજનોની મુલાકાત લઈ સાયરા ગામમાં કેટલીક જગ્યાએ સામાન્ય પૂછપરછ કરી ગાંધીનગર જવા ટીમ રવાના થઈ હતી અત્રે ઉલ્લેખનીય છે કે સાયરા કેસમાં બિમલ ભરવાડ, દર્શન ભરવાડ અને જીગર પરમારે સરેન્ડર કરતા પોલીસ ધરપકડ કરી હતી જ્યારે સતીષ ભરવાડ નામનો આરોપી હજુ પણ ફરાર છે.

૧૯ જાન્યુઆરીથી સી.આઈ.ડી ક્રાઈમના ડીઆઈજી ગૌતમ પરમારના નેતૃત્વમાં એસપી વીરેન્દ્ર યાદવ, ડીવાયએસપી અશ્વિન પટેલ સહિતની ટીમે મોડાસા પહોંચી ધમધમાટ શરુ કર્યો હતો જેમાં સીઆઈડી ક્રાઈમની ટીમને મહત્વની કડીઓ પ્રાપ્ત થઈ હોવાની આધારભૂત સૂત્રો પાસેથી માહિતિ પ્રાપ્ત થઈ હતી ત્રણે



પ્રથમ ૩ દિવસના રિમાન્ડ દરમિયાન મૃતક યુવતી અને આરોપીઓ એકબીજાના સંપર્કમાં હોવાની સાથે સતત વાતો થતી હોવાના સીડીઆર રિપોર્ટના આધારે પુરાવા મળતા વધુ ત્રણ દિવસના રિમાન્ડ નામદાર કોર્ટે આપતાં ૩ દિવસના રિમાન્ડમાં સીઆઈડી ક્રાઈમની ટીમે મૃતક યુવતીની બહેનની સઘન પૂછપરછ પછી ત્રણે આરોપીઓને ગાંધીનગર તપાસ અર્થે લઈ ગઈ હતી રિમાન્ડ દરમિયાન આરોપીઓને સબજેલમાં મોકલી આપવામાં આવ્યા હતા સીઆઈડી ક્રાઈમની ટીમ અલગ-અલગ દિશામાં ગુપ્તતા પૂર્વક તપાસ હાથધરી છે.

સમગ્ર બનાવને ૨૬ દિવસ અને યુવતીના પેનલ પીએમને ૨૧ દિવસનો સમય તથા સીઆઈડી ક્રાઈમના તપાસના ૧૨ દિવસના સમયગાળા પછી પણ એફએસલ રિપોર્ટ કે કેશ અંગે સીઆઈડી ક્રાઈમની ટીમ મગનું નામ મરી પડતી ન હોવાથી અને ફરીથી ઘટનાસ્થળનું એફએસલ ટીમ સાથેની તપાસ થી સીઆઈડી ક્રાઈમ અન્ય દિશામાં તપાસ હાથધરી હોવાની માહિતિ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી

શુક્રવારે સીસાઈડી ક્રાઈમના ડીઆઈજી ગૌતમ પરમાર અને તેમની ટીમ એફએસલ ટીમ સાથે સાયરા (અમરાપુર ) ગામે પહોંચી ઘટનાસ્થળનું પુથ્થકરણ કરી વડના ઝાડ પરથી લટકતી હાલતમાં મળેલી યુવતીના મૃતદેહનો ડમી બનાવી સમગ્ર ઘટનાનું રિકંસ્ટ્રક્શન કરી વૈજ્ઞાનિક ઢબે પુરાવવા પ્રાપ્ત કરવા ઝીણવટભરી તપાસ હાથધરી હતી.

# મોડાસા શામળાજી રોડ પર જીપ ડિવાઈડર સાથે અથડાતાં પલટી ગઈ

## મોડાસાના કોલેજ રોડ પર રસ્તા પર ઓઇલ ઢોળાયું, ચારથી વધુ બાઇકચાલકો સ્લીપ થયા

મોડાસા, તા. ૩૧

મોડાસામાં ગત રાત્રીએ મોડાસાથી શામળાજી રોડ પર ડીપ વિસ્તારમાં એક જીપ ચાલકે



સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં એકાએક તે ડીવાઈડર સાથે અથડાઈ ગઈ હતી. ડીવાઈડર સાથે જીપની ટક્કર થવાથી જીપે પલટી ખાઈ લીધી હતી.

જીપ પલટી ખાવાને પગલે આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા અને જીપની અંદર કણસતી હાલતમાં ચાલક દેખાતાં લોકોએ તેને બહાર કાઢ્યો હતો. જીપ પલટાવાની ઘટનાને લઈને તાબડતોબ ૧૦૮ બોલાવવામાં આવી હતી અને ૧૦૮ મારફતે ઈજાગ્રસ્ત ચાલકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ડીવાઈડર સાથે જીપ અથડાવાની ઘટનામાં ડિવાઈડર પરના વિજપોલને પણ નુકશાન થયું હતો.

અન્ય એક ઘટનામાં મોડાસાના કોલેજ રોડ ઉપર આવેલ ઠક્કર પેટ્રોલ પંપ સામે કોઈ ચાલુ વાહનમાંથી ગુરુવારના રોજ ઓઈલ ઢોળાયું હતું. રોડ ઉપર ઓઈલ ઢોળાતાં ચારથી વધુ બાઈક ચાલકો સ્લીપ થઈ ગયા હતા અને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. મોડાસાથી ધનસુરા તરફ જવા માટે અને કોલેજ તરફ જવા માટે આ માર્ગ ઉપરથી રોજના હજારો વાહનો પસાર થાય છે ત્યારે રસ્તા પર ઓઈલ ઢોળાતાં મોટા અકસ્માત થવાનો ભય હતો. જો કે આસપાસના લોકોએ રસ્તા પર રેતી નાખી રસ્તો સાફ કર્યો હોવાથી વધુ દુર્ઘટનાઓ ટળી હતી.



**કણાદર હાઈસ્કુલમાં સન્માન સમારંભ યોજાયો**

વિજયનગર તાલુકાના કણાદર ગામની જવાહર વિદ્યા મંદિર,હાઈસ્કુલ પરીસરમાં સન્માન સમારંભ કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.કણાદર હાઈસ્કુલમાં માધ્યમિક શિક્ષણ મેળવી સરકારના વિભિન્ન વિભાગોમાંથી સેવા-નિવૃત્ત ૭૦ કર્મચારીઓની રાષ્ટ્રીય સેવાની નોંધ લેવાઈ હતી.શાળા સંચાલક મંડળ પ્રમુખ બિપિનચંદ્ર આર.ગામેતી,હિસાબી અધિકારી સંવર્ગ - ૧ - એચ.વી.નિનામા,ડેપ્યુટી કમીશનર બિરસા-મુંડા ભવન લક્ષ્મણભાઈ દેવડાના વરદ્ હસ્તે શાલ ઓઢાડી,ફુલહાર કરીને વિશેષ સન્માન કરાયું હતું.સામાજીક અગ્રણી રામજીભાઈ બાંગા,લક્ષ્મણભાઈ નિનામા,એસ.ટી.પંચોલા,નવજીભાઈ કટારા,જયંતિભાઈ ડામોર,નાનજીભાઈ બળેવીયા,જગદીશભાઈ પટેલએ શાળા સંચાલક મંડના પ્રમુખને બિરદાવ્યા હતા.જવાહર વિદ્યા મંદિર,હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લીધો હતો.આચાર્ય,સ્ટાફ પરીવાર,શાળા સંચાલક મંડળ પ્રમુખએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## ધનસુરાના આકરૂન્દ ગામે ગુજરાત પોષણ અભિયાન

ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામે 'ગુજરાત પોષણ અભિયાન' કાર્યક્રમ યોજાયો હતો.જનભાગીદારી ધ્વારા બાળકોના પોષણ સ્તરમાં સુધારો આવે તે હેતુથી જિલ્લામાં પોષણલક્ષી કાર્યક્રમ આયોજીત થઈ રહ્યા છે જેના ભાગરૂપે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામે ગુજરાત પોષણ કાર્યક્રમ યોજાયો હતો.આકરૂન્દ ના સરપંચ લલીતાબેન પટેલ એ એક બાળક દત્તક તથા ગ્રામ પંચાયત ના સદસ્ય રાકેશભાઈ પટેલ એ એક બાળકને દત્તક લીધું હતું.રાજ્ય સરકારની પોષણલક્ષી યોજનાઓનો લાભ બાળકોને મળે તેની ખાતરી કરે.પોતે આરોગ્ય અને પોષણની બાબતોથી અવગત થાય અને બાળકના માતા-પિતાને માહિતગાર કરે. બાળકની આરોગ્ય દરકાર કરે જયાં સુધી તંદુરસ્ત અને કુપોષણ મુક્ત ન બને તે માટે સર્વે જનસમુદાયના લોકોને રાજ્ય સરકારશ્રીના કલ્યાણલક્ષી અભિયાનમાં જોડાવા નમ્ર અપીલ કરી હતી.

### જીડીપી ગ્રોથ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી. આ વખતે આર્થિક સર્વે વેન્ડર રંગમાં છાપવામાં આવ્યો છે. આ રંગ ૧૦૦ રૂપિયાની નવી નોટ જેવો છે.

આર્થિક સર્વેમાં કહેવામાં આવ્યુ છે કે આવનારા નાણાકીય વર્ષ (૨૦૨૦-૨૧)માં જીડીપી ગ્રોથ ૬-૬.૫ ટકા રહી શકે છે. વળી, ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપી ગ્રોથ ૫ ટકા રહેવાનુ અનુમાન છે. સર્વેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે દેશના જીડીપી ગ્રોથને પ્રોત્સાહન આપવા માટે ચાલુ નાણાંકીય વર્ષમાં નાણાકીય ખાધ લક્ષ્યથી પાછળ હટવુ પડી શકે છે. ગ્લોબલ ગ્રોથમાં નબળાઈથી ભારત પણ આર્થિક રીતે પ્રભાવિત થઈ રહ્યું છે.

### સર્વે હાથ ધરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસની ખાસ તાલિમ તલાટીઓને આપવામાં આવી છે.

પ્રશ્નો જે કેન્દ્ર સરકારે તૈયાર કર્યા છે તેનો ખાસ ગુજરાતી અનુવાદ પણ કરી અને આ પ્રશ્નો પુછવામાં આવશે. જિલ્લાના ૨૮૦ જેટલા ગામોને આવરી લેવાનું આયોજન હોવાનું જાણવા મળેલ છે. તલાટીઓ દ્વારા આ સર્વેનું કામ પહેલીવાર કરવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકાર અને જિલ્લા તંત્ર દ્વારા આ સર્વે માટેની તૈયારીઓ સંપૂર્ણ સંપન્ન કરી દેવામાં આવી છે.

### ૬૪ મકાનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને છ કક્ષાના ભયજનક મકાનો તોડવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. સે-૧૬ માં અગાઉ પણ જુના અને જોખમી મકાનો તોડવામાં આવ્યા હતા. જયારે હજુ પણ કંગાળ આવાસો પર બુલડોઝર ફેરવવામાં આવી રહ્યુ છે. સે-૧૬ માં ચ અને છ કક્ષાના અંદાજિત ૬૪ જેટલા મકાનો તોડવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. સે-૧૬ માં તબક્કાવાર ભયજનક આવાસો તોડવામાં આવ્યા બાદ જગ્યા ખુલ્લી કરાયા બાદ નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. હાલ સે-૬ માં નવા આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે જયારે બીજીતરફ સે-૬ માં જુના મકાનો તોડવાનુ કામ ચાલુ છે. ત્યારે હજુ પણ બી અને સી કક્ષાના નવા આવાસો સે-૬ માં બનાવવા માટે આયોજન કરવામાં આવ્યુ છે ત્યારે આગામી દિવસોમાં કંગાળ અને જોખમી આવાસોનો કડુસલો કરી સે-૧૬ માં પણ નવા આવાસો તૈયાર કરવામાં આવે તેવી સંભાવના છે.

### પાક લઈ શકશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપી છે. ડાંગ જિલ્લાની પૂર્ણા, ગીરા, ખાપરી અને અંબિકા નદીઓ તેમજ તેની પ્રશાખા ઉપર આ ચેક ડેમ આહવા સુબીર અને વઘઈ તાલુકાના ૨૪ ગામોમાં નિર્માણ પામશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, ડાંગની ભૌગોલિક સ્થિતિને કારણે જળસંગ્રહ સુવિધા નહિવત છે તેમજ ડુંગરાળ અને ઢોળાવવાળા વિસ્તાર હોવાથી પાણી વહી જવાને કારણે ચોમાસા પછી જમીનમાં જળ સ્તર નીચા જતા રહે અને સંગ્રહ થાય તેમ નથી. એટલું જ નહિ, આ વિસ્તારની ભૌગોલિક સ્થિતિને કારણે મોટી યોજનાઓ પણ થઈ શકે તેમ નથી. વિજય રૂપાણીએ વનબંધુ કિસાનોની આ વ્યથાને પારખીને તેનો સુચારુ ઉપાય શોધવા અધિકારીઓને આપેલી સૂચનાને પગલે સબંધિત વિભાગના અધિકારીઓએ ડાંગની સ્થળ મુલાકાત લઈને આ કામોની શક્યતા ચકાસી આપેલા અહેવાલોને મુખ્યમંત્રીએ મંજુરીની મહોર મારી છે.

### આજે બજેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દર એક દશકના નીચલા સ્તર પર જવાની સંભાવના છે ત્યારે નાણાંપ્રધાન સામે પડકારો રહેલા છે. અનેક પ્રકારના પડકારો અને આર્થિક સુસ્તી વચ્ચે પણ બજેટમાં મધ્યમ વર્ગના લોકો માટે અનેક ટેક્સ રાહતો જાહેર કરવામાં આવી શકે છે. સાથે સાથે ખેડુતોની નારાજગીને દુર કરવા માટે પણ વિવિધ પગલા જાહેર કરવામાં આવી શકે છે. કૃષિ કટોકટી અંગે પગલાની સંભાવના દેખાઈ રહી છે. ટેક્સ સ્લેબમાં ફેરફાર કરવામાં આવી શકે છે. ઈ-વોલિટને ટેક્સ છુટછાટની હદમાં લાવવા માટેની માંગ કરવામાં આવ્યા બાદ આના પર પર તમામ લોકોની નજર રહેલી છે. સીતારામન કરોડો લોકોની અપેક્ષા અને તમામ ક્ષેત્રોના ઉદ્યોગોની ઉત્સુકતા વચ્ચે વર્ષ ૨૦૨૦-૨૧ માટેનુ બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. અનેક પ્રકારની લોકોની અપેક્ષા અને અનેક પ્રકારના જટિલ પડકારો વચ્ચે નાણાંપ્રધાન બજેટ રજૂ કરશે. બજેટમાં દેશના તમામ વર્ગને રાજી રાખવાની બાબત તેમના માટે સરળ રહેશે નહી. સીતારામન મુળભૂત મુક્તિ મર્યાદાને વધારીને વધારી શકે છે. મોટા ભાગના લોકો ઈચ્છે છે કે ટેક્સ છુટછાટની મર્યાદાને વર્તમાન સ્થિતીમાં વધારી દેવામાં આવે. બજેટમાં કૃષિ ક્ષેત્રમાં રોકાણ અને મોટા માળખાકીય પ્રોજેક્ટ પર ખર્ચ વધારી દેવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે. રોજગાર પર ખાસ ધ્યાન રહેશે. નાણાંપ્રધાન આવકવેરા સલેબમાં કેટલાક ફેરફાર કરી શકે છે.

### હાઈસ્પીડ ટ્રેન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય રેલવેના એક નવા ચહેરાને રજૂ કરવામાં આવનાર છે. ગયા વર્ષે રેલવેના જુદા જુદા ઈન્ફ્રાસ્ટકચર પ્રોજેક્ટો માટે જંગી ફાળવણી કરી હતી. ટ્રેક ડબલિંગ, આધુનિકીકરણ અને વિજળીકરણજેવા પ્રોજેક્ટ પર ફાળવણી આ વર્ષે વધારવામાં આવી શકે છે. નવી નોકરીની જાહેરાત કરવામાં આવી શકે છે. જેમાં પ્રથમ વખત આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ૧૦ ટકા અનામતનો સમાવેશ થાય છે. બુલેટ ટ્રેનના મામલે પણ કોઈ વાત કરવામાં આવી શકે છે. હાલમાં સામાન્ય બજેટની સાથે રેલવે બજેટને મર્જ કરીને રજૂ કરવામાં આવ્યા બાદ આની શરૂઆત થઈ હતી. રેલવે બજેટને લઈને પણ રેલવે યાત્રીઓ ઉત્સુક દેખાઈ રહ્યા છે. બજેટમાં તેમના માટે શુ રહેશે તે બાબત પણ ચર્ચા છે. બજેટમાં નવી હાઈ સ્પીડ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી શકે છે. ટ્રેક ઉપર રેલવેને મુકવા માટે ૩૫.૩ ટ્રિલિયન રૂપિયાની યોજના તૈયાર કરી લેવામાં આવી છે. કેપેક્ષમાં ૯૨ ટકા વાર્ષિક વધારો દર્શાવવામાં આવી રહ્યો છે. ભારતીય રેલવે મંત્રાલય માટે મૂડી ખર્ચને ૨૦૩૨ સુધી સતત વધારવા માંગે છે.

### ગાંધીજીનું સ્વપ્ન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યુવાનોને સશક્ત બનાવી દેવા માટે અમારી સરકારના નિતિગત નિર્ણયોના લાભ યુવાનોને મળી રહ્યા છે. ભારતે હમેંશા સર્વપંથ સમભાવ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વિભાજન બાદ બનેલા માહોલ પર રાષ્ટ્રપતિએ કહ્યુ હતુ કે જે લોકો ત્યાં રહી શકતા નથી તે લોકો ભારતમાં આવી શકે છે. તેમને સામાન્ય જીવન આપવાનો ભારતના કર્તવ્ય છે. બાપુના વિચારના સમર્થનમાં કેટલાક રાજકીય પક્ષોએ આગળ આવીને ભૂમિકા અદા કરી છે. તેમણે કહ્યુ હતુ કે ભારત પ્રથમ દેશ છે જેમાં હજની સમગ્ર પ્રક્રિયા ડિજિટલ અને ઓનલાઈન કરવામાં આવી ચુકી છે. દેશના આદિવાસી ભાઈ બહેનોને મુખ્યપ્રવાહમાં લાવવા માટે તેમની સરકાર કટિબદ્ધ છે. અમારા ખાસ દળો આરોગ્ય, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ પર કામ કરે છે.